**શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલના**
**નિષ્ણાત ડૉક્ટરો અને કર્મચારીઓની ટીમ**



**શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટના કાર્યકરોની ટીમ**



Trust Regd. No.: E/17046, Ahmedabad.
Dated : 28/01/2005


**સંપર્ક માટેનું સરનામું :**
**શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ**
C/o. શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ
કલિકુંડ રોડ, અટલ સરોવરની સામે, ધોળકા - ૩૮૨૨૨૫. જિ. અમદાવાદ
ફોન. : મો. ૯૮૨૫૪ ૧૫૩૧૯ / ૦૨૭૧૪ - ૨૨૩૩૬૪ Email : vkaushal2000@gmail.com

**શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ**
**હેડ ઑફિસ :** ઇન્સ્પિરૉન એન્જિનિયરિંગ પ્રા.લિ. ઓઢવ જીઆઈડીસી પાસે, ઓઢવ,
અમદાવાદ- ૩૮૨૪૧૫. ફોન નં. : ૦૭૯-૩૦૨૧૨૦૦૦


# વાર્ષિક
# અહેવાલ
# ૨૦૧૯-૨૦

Trust Regd. No.: E/17046, Ahmedabad.
Dated : 28/01/2005









## શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ



શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ, ધોળકા

# ટ્રસ્ટીશ્રીનો સંદેશ

વેપાર અને ઔદ્યોગિક સંસ્થાઓ તેમની સામાજિક અને નૈતિક જવાબદારીના ભાગરૂપે વંચિત અને ઉપેક્ષિત સમાજના વિકાસમાં ફાળો આપી સમાજને બેઠો કરી શકે છે. અમારા વડીલોએ આવી જ કંઈક ભાવનાઓના આધારે ટ્રસ્ટનું નિર્માણ કરેલું. તેઓના આ ઉમદા વારસાની પરંપરાને જાળવી રાખવા ટ્રસ્ટ છેલ્લા ૫૧ વર્ષથી શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ દ્વારા આર્થિક રીતે નબળા દર્દીઓની રાહત દરે વૈદ્યકીય સારવાર કરી રહી છે. તદુપરાંત ટ્રસ્ટે ધોળકા તાલુકાની ૧૩ પ્રાથમિક શાળા અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત કેસરગઢ ગામ દત્તક લીધું છે.

ટ્રસ્ટની પ્રવૃત્તિઓની પ્રગતિ અંગે વિશેષમાં આ વર્ષે અગત્સ્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનના સહયોગથી ટ્રસ્ટની “પ્રગતિશીલ શાળા વિકાસ” યોજના ધોળકા તાલુકાના ૧૩ ગામોમાંથી હવે ૩૭ ગામો સુધી વિસ્તરી છે. ટ્રસ્ટના આર્થિક સહયોગથી આ વર્ષે ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના માયધાર ગામે એક “આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર” ની સ્થાપના કરવામાં આવી છે.

શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલનું આ વર્ષ સુવર્ણ જયંતિ વર્ષ (૧૯૬૯-૨૦૧૯) છે. સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી નિમિત્તે ટ્રસ્ટે હૉસ્પિટલના પૂર્વ કર્મચારીઓ તથા હાલમાં કાર્યરત કર્મચારીઓ માટે એક **સ્નેહમિલન**નું આયોજન કર્યું હતું. જેમાં હૉસ્પિટલની વિકાસયાત્રાના અનુભવોની આપ-લે કરવામાં આવી હતી. ટ્રસ્ટે આ નિમિત્તે સૌ કર્મચારીઓનું અભિવાદન કરી પ્રોત્સાહિત કર્યા હતા.

## આરોગ્ય :

અમારા પરિવારના આદરણીય સ્વ. શ્રીમતી સંતોકબાની સ્મૃતિમાં આપેલ અનુદાનથી **“શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ”** દ્વારા ધોળકા શહેરના નગરજનો અને ધોળકા શહેરની આસપાસના ગામોના લોકોને રાહત દરે વૈદ્યકીય સેવાઓ આપી રહી છે.



અમોને જણાવતા આનંદ થાય છે કે, હૉસ્પિટલમાં અપાતી સારી સેવાઓના કારણે આ વર્ષે હૉસ્પિટલમાં **કુલ ૧૭૯૭ પ્રસૂતિ** થઈ તેમાં **માતાનો મૃત્યુદર ૦૧ નો** રહ્યો છે. રાજ્ય સરકારનો નવજાત શિશુના **મૃત્યુદર અંગેનો લક્ષ્યાંક ૧૦૦૦ બાળકે ૪૦ છે.** આ વર્ષે આપણી હૉસ્પિટલમાં ૧૦૦૦ નવજાત શિશુએ **મૃત્યુદર ૧** સુધી સિમિત રહેલ છે જે આપણાં સૌ માટે આનંદ અને ગૌરવની વાત છે.

## શિક્ષણ :

અમોને એવું લાગે છે કે, શિક્ષણ એ માનવ જીવનનું ચાલક બળ છે. વ્યક્તિના વિકાસમાં શિક્ષણની બહુ મહત્વની ભૂમિકા છે. એમાં પણ પ્રાથમિક શિક્ષણ એ બાળકના વ્યક્તિત્વ વિકાસ માટેનો મૂળ પાયો છે. અમારા પરિવારના પૂજ્ય પ્રભાવતીબેન ભગવતીના **જન્મ શતાબ્દી વર્ષ - ૨૦૧૪માં** તેઓને સ્મરણાંજલિ રુપે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણાના ક્ષેત્રે આયોજનબધ્ધ રીતે કાર્ય કરવાના મુખ્ય હેતુસર ટ્રસ્ટે જૂન ૨૦૧૪ થી **“પ્રગતિશીલ શાળા વિકાસ”** યોજનાનો શુભારંભ કર્યો હતો. પ્રાથમિક શિક્ષણને વધુ ગુણવત્તા સભર અને અસરકારક બનાવવા માટે ટ્રસ્ટે **ધોળકા તાલુકાની ૧૩ પ્રાથમિક શાળાઓમાં** તબક્કાવાર “પ્રગતિશીલ શાળા વિકાસ યોજનાનો અમલ શરૂ કર્યો હતો. અમોને જણાવતા આનંદ થાય છે કે, આ યોજના શૈક્ષણિક સત્ર ૨૦૧૯-૨૦થી ધોળકા તાલુકાના **કુલ ૩૭** અંતરિયાળ ગામોની પ્રાથમિક શાળાઓ સુધી વિસ્તરેલ છે. “પ્રગતિશીલ શાળા વિકાસ” યોજના મે-૨૦૨૦માં ૬ વર્ષ પૂરા કરીને સાતમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે.

પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાયુક્ત, રસપ્રદ અને સર્વાંગી બનાવવા માટે ટ્રસ્ટે શિક્ષણકાર્યમાં કેટલાક નવા અભિગમોનો ઉમેરો કર્યો છે. જેમાં શિક્ષણને માત્ર પાઠ્યપુસ્તક આધારિત ન રાખતા **“પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ”** ના નૂતન અભિગમને સ્વીકારીને ગણિત અને વિજ્ઞાન જેવા ભણવામાં કઠિન ગણાતા વિષયને પ્રવૃત્તિ દ્વારા શીખવવાનો અભિગમ વર્ષ ૨૦૧૯ થી અમલમાં મૂક્યો છે.

શિક્ષણક્ષેત્રે, રાષ્ટ્રીયસ્તરે કાર્યરત જાણીતી સંસ્થા અગત્સ્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, બેંગલુર-કર્ણાટક દ્વારા તૈયાર કરવામાં આવેલી ગણિત તથા વિજ્ઞાન વિષયની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા **(Hands on activity Kit)** બન્ને વિષયોને વર્ગખંડમાં શીખવવાનો પ્રયાસ ટ્રસ્ટ દ્વારા શરૂ કરવામાં આવ્યો છે. ગણિત વિષયને પ્રવૃત્તિ દ્વારા શીખવવાની પદ્ધતિને પ્રોજેક્ટની શાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં ખૂબ જ ઉત્સાહજનક રીતે આવકાર મળી રહ્યો છે.

ટ્રસ્ટની આર્થિક સહાયથી જૂન-૨૦૧૯ થી **ધોળકા તાલુકાના ૧૦ ગામોમાં** અગત્સ્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા ***“Operation Vasanatha”*** નામના કાર્યક્રમના **૧૦ કેન્દ્રો** ગ્રામીણ બાળકોના સર્વાંગી વિકાસ માટે શરૂ કર્યા છે.



આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માયધાર, જિ. ભાવનગર

આ ઉપરાંત, ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના માયધાર ગામે લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ દ્વારા સંચાલિત પંડિત સુખલાલજી લોક વિદ્યાલય કેન્દ્રના પરિસરમાં ટ્રસ્ટના આર્થિક સહયોગથી અને અગત્સ્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનના ટેકનિકલ માર્ગદર્શનથી જૂન-૨૦૧૯થી એક **આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રની** સ્થાપના કરવામાં આવી છે.

આમ અમારા ટ્રસ્ટ દ્વારા આ વર્ષે આરોગ્ય અને સ્વચ્છતા, પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા તથા થોડા ઘણા અંશે ગ્રામ વિકાસની પ્રવૃત્તિઓ દ્વારા સમાજને ઉપયોગી થવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

ટ્રસ્ટના ધ્યેયને સિધ્ધ કરવામાં ટ્રસ્ટને વિવિધ સ્વરુપે મદદરુપ થનાર સૌ સજ્જનો, સ્નેહીજનો, મિત્રો તથા શુભેચ્છકોનો અમે ટ્રસ્ટીગણ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

**તારીખ : ૧૮-૦૬-૨૦૨૦**
**સ્થળ : અમદાવાદ**

**શ્રી પ્રકાશભાઈ કે. ભગવતી**
**શ્રીમતી અંજનાબેન પી. ભગવતી**
**શ્રી અમોલભાઈ પી. ભગવતી**

# ગુણવત્તાયુક્ત શિક્ષણ

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સ્વ. પ્રભાવતીબહેન ભગવતીના જન્મ શતાબ્દી વર્ષ-૨૦૧૪ માં સ્મૃતિવંદના અને તેમનાં સ્મરણમાં **"પ્રગતિશીલ શાળા વિકાસ" યોજનાનો** પ્રારંભ કરવામાં આવ્યો હતો.

ધોળકા તાલુકાની ૧૩ પસંદ કરેલી પ્રાથમિક શાળાઓમાં "પ્રગતિશીલ શાળા વિકાસ" યોજના હેઠળ **શિક્ષણને ગુણવત્તાલક્ષી** બનાવવાના હેતુને સિધ્ધ કરવા આ વર્ષે ટ્રસ્ટ દ્વારા મુખ્ય ત્રણ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. **(૧)** પ્રવૃત્તિ દ્વારા શૈક્ષણિક કાર્ય - મોબાઈલ યુનિટ **(૨)** સહઅભ્યાસિક (**Co-curricular activity**) પ્રવૃત્તિઓ **(૩)** વિદ્યાર્થીઓ અને શાળાઓને પ્રત્યક્ષ રીતે ઉપયોગી થાય તેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ

## (૧) પ્રવૃત્તિ દ્વારા શૈક્ષણિક કાર્ય

### (૧.૧) પ્રવૃત્તિ દ્વારા શૈક્ષણિક કાર્ય કરવા માટે મોબાઈલ યુનિટ

પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્ય કરવા ટ્રસ્ટ દ્વારા મોબાઈલ યુનિટ માટે **૫ તાલીમબધ્ધ અને યોગ્ય શૈક્ષણિક લાયકાતવાળા શિક્ષકોની નિમણૂંક** કરવામાં આવી છે. શાળાઓમાં જઈને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્ય કરાવવા માટે ટ્રસ્ટના શિક્ષકો નિયત સમયપત્રક મુજબ શૈક્ષણિક સાધન-સામગ્રી સાથે લઈને સમયસર અને નિયમિત રીતે શાળાએ પહોંચી શકે તે હેતુથી ટ્રસ્ટે એક પેસેન્જર રીક્ષા વસાવી છે.



૨૦૧૯-૨૦ના શૈક્ષણિક વર્ષમાં **ધોરણ ૧ થી ૮ માં પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણકાર્ય** કરાવવા માટે ટ્રસ્ટના શિક્ષકોએ મુખ્યત્વે નીચે મુજબની શૈક્ષણિક સાધન-સામગ્રીઓ તથા શૈક્ષણિક પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.



**(૧) ધોરણ ૧ અને ૨** માં પ્રવૃત્તિ દ્વારા ભણાવવા માટે ગુજરાત સરકારના **પ્રજ્ઞા અભિગમ** આધારિત NCERT દ્વારા તૈયાર થયેલ સાહિત્ય સંપુટના આધારે બાળકોના **સમૂહકાર્ય** (group activity) માટે **એકમ** (Unit / lesson) **આધારિત પ્રવૃત્તિઓ** ટ્રસ્ટના શિક્ષકો દ્વારા વર્ગખંડમાં કરાવવામાં આવી હતી.

**(૨) ધોરણ ૩ થી ૫** ના અભ્યાસક્રમમાં આવતા વિષયોને પ્રવૃત્તિઓ દ્વારા ભણાવવા માટે NCERT દ્વારા નિર્મિત પાઠ્યપુસ્તકોમાં દર્શાવેલ પ્રવૃત્તિઓ તથા અગત્સ્ય













ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા ગણિત વિષયમાટે તૈયાર કરવામાં આવેલ શૈક્ષણિક સામગ્રીનો ( **Hands on activity Kit**) ઉપયોગ કરીને એકમ આધારિત પ્રવૃત્તિઓ કરાવીને **ગણિતના વિષયનું** શિક્ષણ કાર્ય ટ્રસ્ટના શિક્ષકોએ કર્યુ હતુ.



**(૩) ધોરણ ૬ થી ૮માં વિજ્ઞાન વિષયને** પ્રવૃત્તિઓ દ્વારા ભણાવવા માટે અગત્સ્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા નિર્મિત વિજ્ઞાન વિષય માટેની કીટનો ઉપયોગ કરી એકમ આધારિત પ્રવૃત્તિઓ કરાવીને વિજ્ઞાન વિષયનું શિક્ષણકાર્ય ટ્રસ્ટના શિક્ષકોએ કર્યુ હતુ.

નિયત સમયપત્રક મુજબ મહિનામાં બે વખત ટ્રસ્ટના શિક્ષકો પ્રોજેક્ટની પસંદ કરેલી શાળાએ જઈને શાળાના અભ્યાસક્રમના ટાઈમ-ટેબલ મુજબ વિવિધ વિષયોના એકમોને પ્રવૃત્તિઓ દ્વારા ભણાવતા હતા.

ટ્રસ્ટના શિક્ષકો દ્વારા **ધોરણ ૧ થી ૮ માં ૨૪૬૫ વિદ્યાર્થીઓને** વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ભણાવ્યું તેની માહિતી કોષ્ટક નં.૧ માં દર્શાવેલ છે.

**કોષ્ટક નં.- ૧**

**પ્રગતિશીલ શાળા વિકાસ યોજના હેઠળ ટ્રસ્ટના શિક્ષકોએ પ્રવૃત્તિ દ્વારા કરેલ શિક્ષણકાર્યની માહિતી**

| ક્રમ | પ્રાથમિક શાળાનું નામ | વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલ **ધોરણ ૧ થી ૮ના** વિદ્યાર્થીઓની શાળાદીઠ સંખ્યા | શિક્ષણકાર્ય માટે શાળાદીઠ કરાવેલી વિવિધ પ્રવૃત્તિઓની સંખ્યા અને ફાળવેલા દિવસોની સંખ્યા | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | **પ્રજ્ઞા અભિગમથી ધોરણ ૧ અને ૨ માં** પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્ય | | અગત્સ્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા નિર્મિત કીટના ઉપયોગ દ્વારા **ધોરણ ૩ થી ૫ માં** કરાવેલ શિક્ષણ કાર્ય | | અગત્સ્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા નિર્મિત કીટના ઉપયોગ દ્વારા **ધોરણ ૬ માં** કરાવેલ **વિજ્ઞાન વિષયનું** શિક્ષણ કાર્ય | | અગત્સ્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા નિર્મિત કીટના ઉપયોગ દ્વારા **ધોરણ ૭ અને ૮ માં** કરાવેલ **વિજ્ઞાન વિષયનું** શિક્ષણ કાર્ય | | અગત્સ્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા નિર્મિત કીટના ઉપયોગ દ્વારા **ધોરણ ૬ થી ૮ માં** કરાવેલ **ગણિત વિષયનું** શિક્ષણ કાર્ય | | વિદ્યાર્થીઓને પ્રેરણા મળે તેવી ફિલ્મ શાળામાં બતાવી | કુલ | |
| | | | **શાળામાં ફાળવેલ દિવસો** | **કરાવેલ પ્રવૃત્તિની સંખ્યા** | **શાળામાં ફાળવેલ દિવસો** | **કરાવેલ પ્રવૃત્તિની સંખ્યા** | **શાળામાં ફાળવેલ દિવસો** | **કરાવેલ પ્રવૃત્તિની સંખ્યા** | **શાળામાં ફાળવેલ દિવસો** | **કરાવેલ પ્રવૃત્તિની સંખ્યા** | **શાળામાં ફાળવેલ દિવસો** | **કરાવેલ પ્રવૃત્તિની સંખ્યા** | | **શાળામાં ફાળવેલ કુલ દિવસો** | **કરાવેલ પ્રવૃત્તિની કુલ સંખ્યા** |
| ૧ | અરણેજ | ૧૯૯ | ૩ | ૭ | ૮ | ૨૭ | ૪ | ૨૧ | ૩ | ૨૨ | ૧૦ | ૫૨ | ૦ | ૨૮ | ૧૨૯ |
| ૨ | જવારજ | ૨૦૯ | ૧ | ૧ | ૪ | ૧૧ | ૧૦ | ૩૦ | ૦ | ૦ | ૧૮ | ૬૦ | ૦ | ૩૩ | ૧૦૨ |
| ૩ | વેજલકા | ૨૩૭ | ૧ | ૧ | ૧૦ | ૨૫ | ૦ | ૦ | ૪ | ૬ | ૧૩ | ૪૬ | ૧ | ૨૮ | ૭૮ |
| ૪ | ભુંભલી | ૧૯૨ | ૩ | ૩ | ૫ | ૭ | ૬ | ૩૯ | ૧ | ૧ | ૮ | ૪૩ | ૧ | ૨૩ | ૯૩ |
| ૫ | કેસરગઢ | ૯૨ | ૯ | ૨૬ | ૫ | ૧૩ | ૧ | ૧ | ૫ | ૨૯ | ૧૬ | ૫૮ | ૦ | ૩૬ | ૧૨૭ |
| ૬ | જાખડા | ૨૬૯ | ૨ | ૩ | ૮ | ૧૧ | ૦ | ૦ | ૧૦ | ૨૭ | ૧૬ | ૬૮ | ૧ | ૩૬ | ૧૦૯ |
| ૭ | સિમેજ | ૪૮૪ | ૨ | ૨ | ૩ | ૩ | ૧ | ૧ | ૨ | ૪ | ૧૨ | ૪૬ | ૦ | ૨૦ | ૫૬ |
| ૮ | શિહોરીપુરા | ૧૧૩ | ૦ | ૦ | ૧૮ | ૪૭ | ૩ | ૨૭ | ૦ | ૦ | ૫ | ૩૪ | ૦ | ૨૬ | ૧૦૮ |
| ૯ | રનોડા | ૨૧૬ | ૨ | ૪ | ૧૮ | ૩૮ | ૧ | ૩ | ૧ | ૧ | ૧૯ | ૭૨ | ૦ | ૪૧ | ૧૧૮ |
| ૧૦ | શેખડી | ૬૩ | ૪ | ૮ | ૫ | ૭ | ૧ | ૩ | ૨ | ૮ | ૧૧ | ૫૯ | ૦ | ૨૩ | ૮૫ |
| ૧૧ | રીડપુરા | ૧૯૧ | ૨ | ૫ | ૪ | ૭ | ૦ | ૦ | ૨ | ૧૫ | ૮ | ૪૭ | ૦ | ૧૬ | ૭૪ |
| ૧૨ | ખાત્રીપુર | ૨૦૦ | ૩ | ૬ | ૧૯ | ૫૧ | ૧ | ૧ | ૩ | ૪ | ૧૩ | ૫૪ | ૧ | ૩૯ | ૧૧૬ |
| | **કુલ** | **૨૪૬૫** | **૩૨** | **૬૬** | **૧૦૭** | **૨૪૭** | **૨૮** | **૧૨૬** | **૩૩** | **૧૧૭** | **૧૪૯** | **૬૩૯** | **૪** | **૩૪૯** | **૧૧૯૫** |

## ૧.૨ પ્રવૃત્તિ દ્વારા શિક્ષણકાર્ય કરાવવા માટે અગત્સ્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનનો સહયોગ

નીચે જણાવેલ ત્રણેય શૈક્ષણિક પ્રવૃત્તિઓ ટ્રસ્ટના આર્થિક સહયોગથી અગત્સ્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા શરૂ કરવામાં આવી છે. આ ત્રણેય પ્રવૃત્તિઓ લાંબા સમય સુધી અવિરત ચાલતી રહે તે માટે ટ્રસ્ટે આર્થિક ગોઠવણ કરી દીધી છે.

### ૧.૨.૧ : ગણિત વિષયને પ્રવૃત્તિ દ્વારા શીખવવાનું કાર્ય :

અગત્સ્ય ફાઉન્ડેશન દ્વારા નિર્મિત શૈક્ષણિક સામગ્રી **(Hands on activity Kit)** નો ઉપયોગ કરીને અગત્સ્યના તાલીમબદ્ધ શિક્ષક દ્વારા ગણિત વિષયને પ્રવૃત્તિ દ્વારા શીખવવાનો પ્રયાસ શરૂ કર્યો છે. માર્ચ-૨૦૨૦ના અંત સુધીમાં ધોળકા તાલુકાની ૧૩ પ્રાથમિક શાળાઓમાં **ધોરણ ૬ થી ૮ ના ૯૦૫ વિદ્યાર્થીઓને કુલ ૬૩૯ પ્રવૃત્તિઓ** કરાવીને ગણિત શીખવવામાં આવ્યું હતું.

### ૧.૨.૨ : વિજ્ઞાન વિષયને પ્રવૃત્તિ દ્વારા શીખવવાનું કાર્ય :

વિજ્ઞાન વિષયને પ્રવૃત્તિ દ્વારા શીખવવા માટે અગત્સ્ય ફાઉન્ડેશન નિર્મિત શૈક્ષણિક સાધન સામગ્રીનો **(Hands on activity Kit)** ઉપયોગ કરીને ભણાવવા માટે **Science - Lab on a Bike ના ૨ યુનિટ ધોળકા તાલુકાની ૨૪ શાળાઓ** માટે ફેબ્રુઆરી ૨૦૧૯ થી શરૂ કરવામાં આવ્યા છે. **Science - Lab on a Bike** ના બન્ને યુનિટ દ્વારા માર્ચ-૨૦૨૦ના અંત સુધીમાં ધોળકા તાલુકાની **૨૪ પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૬ થી ૮ ના ૭૨૪૭ વિદ્યાર્થીઓને વિજ્ઞાનની કુલ ૨૦૦ પ્રવૃત્તિઓ** કરાવીને વિજ્ઞાનના વિષયને અગત્સ્યના તાલીમબદ્ધ બે શિક્ષકો દ્વારા શીખવવામાં આવ્યો હતો.





### ૧.૨.૩ : Operation Vasanatha (OV) પ્રવૃત્તિ કેન્દ્ર :

ધોળકા તાલુકાના જે ૨૪ ગામોની પ્રાથમિક શાળાઓમાં અગત્સ્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનના શિક્ષકો દ્વારા વિજ્ઞાન વિષયને પ્રવૃત્તિ દ્વારા ભણાવવામાં આવે છે **તે પૈકીના ૧૦ ગામોમાં** અગત્સ્ય ફાઉન્ડેશનના **Operation Vasanatha (OV)** કાર્યક્રમ હેઠળ બાળ પ્રવૃત્તિ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે.





ઑપરેશન વસંથા કાર્યક્રમ અંતર્ગતના બાળ પ્રવૃત્તિ કેન્દ્રોમાં મુખ્યત્વે શિક્ષિત અને તાલીમ લીધેલાં સ્થાનિક સ્વયંસેવકો દ્વારા **ગામના ૭ થી ૧૪ વર્ષ (ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા બાળકો)** ની વયજૂથના બાળકો ના વ્યકિતત્વ વિકાસ માટે તેમના જ ગામમાં સમયપત્રક મુજબ નક્કી કરેલી વ્યક્તિત્વ વિકાસ/ સંર્વાંગી વિકાસની તથા જીવન ઉપયોગી નાની-મોટી વિવિધ વ્યકિતત્વ વિકાસની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો આખા દિવસમાં બે-ત્રણ કલાક માટે કરવામાં આવે છે. આ બાળ પ્રવૃત્તિના કેન્દ્રો લાંબાગાળા સુધી કાર્યરત રહે તે માટેનું આર્થિક આયોજન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન **દર મહિને સરેરાશ ૨૫૦ બાળકોએ ૧૦ પ્રવૃત્તિ કેન્દ્રોમાં** આવીને સર્વાંગી વિકાસની વિવિધ નાની-મોટી **૧૦૦ થી વધુ પ્રવૃત્તિઓમાં** રસપૂર્વક ભાગ લીધો હતો.



## (૨) સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ (Co-curricular activity) નું અમલીકરણ

"પ્રગતિશીલ શાળા વિકાસ યોજના" હેઠળ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવવા માટે ટ્રસ્ટના શિક્ષકો દ્વારા **કુલ ૯૮ શૈક્ષણિક દિવસો** ફાળવીને **ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓ** માટે **૯ જેટલી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું** આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં **૨૪૬૫ વિદ્યાર્થીઓએ** ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેની માહિતી નીચે મુજબના કોષ્ટક નં.-૨ માં આપવામાં આવી છે.


મૉડલ રોકેટ્રી વર્કશોપમાં વિદ્યાર્થીઓએ બનાવેલા મૉડલ રોકેટ

**કોષ્ટક નં.-૨**

**પ્રગતિશીલ શાળા વિકાસ યોજના હેઠળ પ્રોજેક્ટની શાળાઓમાં ટ્રસ્ટના શિક્ષકો દ્વારા કરાવેલ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની માહિતી**

| ક્રમ | તારીખ | સહઅભ્યાસિક પ્રવૃત્તિની વિગત | શાળાની સંખ્યા | પ્રવૃત્તિમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|
| | | | | કુમાર | કન્યા | કુલ |
| ૧ | ૦૯-૦૭-૨૦૧૯ થી ૧૨-૦૭-૨૦૧૯ | **મહેંદી મૂકવાની હરિફાઈ** (ધોરણ-૩ અને ૫ ના વિદ્યાર્થીઓ માટે) | ૧૨ | ૫૮ | ૨૩૮ | ૨૯૬ |
| | | **વાનગી બનાવવાની હરિફાઈ** (ધોરણ-૬ અને ૮ વિદ્યાર્થીઓ માટે) | ૧૨ | ૯૨ | ૧૪૭ | ૨૩૯ |
| ૨ | ૦૮-૦૮-૨૦૧૯ થી ૦૫-૦૯-૨૦૧૯ | ૧. **બાળગીત** (ધોરણ ૧ અને ૨ ના વિદ્યાર્થીઓ માટે) | ૧૨ | ૧૪૩ | ૧૬૮ | ૩૧૧ |
| | | ૨. **અભિનય ગીત હરિફાઈ** (ધોરણ-૩ અને ૪ ના વિદ્યાર્થીઓ માટે) | ૧૨ | ૧૩૫ | ૧૬૩ | ૨૯૮ |
| | | ૩. **વાર્તા કથન હરિફાઈ** (ધોરણ-૫ ના વિદ્યાર્થીઓ માટે) | ૧૨ | ૬૨ | ૭૧ | ૧૩૩ |
| ૩ | ૦૯-૦૯-૨૦૧૯ થી ૨૬-૦૯-૨૦૧૯ | **વૈજ્ઞાનિક રમકડાં બનાવવાની હરિફાઈ** (ધોરણ-૬ અને ૮ વિદ્યાર્થીઓ માટે) | ૧૨ | ૧૦૮ | ૫૯ | ૧૬૭ |
| ૪ | ૨૯-૦૯-૨૦૧૯ | GK-IQ- ૨૦૧૯ના (સામાન્ય જ્ઞાન બુદ્ધિ કસોટી) રાજ્યસ્તરની સ્પર્ધાત્મક પરીક્ષા | ૯ | ૧૫૩ | ૧૧૬ | ૨૬૯ |
| ૫ | ૨૦-૧૧-૨૦૧૯ થી ૦૬-૧૨-૨૦૧૯ | સર્જનાત્મક કૃતિ બનાવવાની પ્રવૃત્તિઓની હરિફાઈ (ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે) | | | | |
| | | ૧. કાગળકામ | ૧૩ | ૧૧૩ | ૬૧ | ૧૭૪ |
| | | ૨. માટીકામ | ૧૩ | ૯૮ | ૭૦ | ૧૬૮ |
| | | ૩. ચિત્રકામ | ૧૩ | ૮૭ | ૧૦૭ | ૧૯૪ |
| | | ૪. રંગપૂરણી | ૧૩ | ૪૯ | ૧૧૧ | ૧૬૦ |
| | | ૫. છાપકામ | ૧૩ | ૯૭ | ૭૮ | ૧૭૫ |
| | | ૬. ચિટકકામ | ૧૩ | ૫૦ | ૧૧૬ | ૧૬૬ |
| | | **કુલ સંખ્યા** | | **૪૯૪** | **૫૪૩** | **૧૦૩૭** |
| ૬ | ૦૪-૧૨-૨૦૧૯ થી ૩૦-૦૧-૨૦૨૦ | **મૉડેલ રોકેટ્રી વર્કશોપ** (ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ માટે) | ૮ | ૩૪૧ | ૨૨૪ | ૫૬૫ |
| ૭ | ૧૬-૧૨-૨૦૧૯ થી ૦૧-૦૧-૨૦૨૦ | **શૈક્ષણિક પ્રવાસ** (ધોરણ ૪ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે) | ૧૨ | ૫૭૪ | ૫૨૪ | ૧૦૯૮ |
| ૮ | ૩૦-૧૨-૨૦૧૯ થી ૦૯-૦૧-૨૦૨૦ | **વન ભોજન** (ધોરણ ૧ થી ૩ ના વિદ્યાર્થીઓ માટે) | ૧૨ | ૨૮૮ | ૩૧૦ | ૫૯૮ |
| ૯ | ૧૧-૦૫-૨૦૧૯ થી ૦૧-૦૬-૨૦૧૯ | **ગ્રીષ્મ શિબિર** (ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે) **૧. શાળા સ્તરે** | ૧૦ | ૭૯૪ | ૩૩૧ | ૧૧૨૫ |
| | | **૨. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે ત્રિદિવસીય નિવાસી ગ્રીષ્મ શિબિર પ્રથમ બેચ** (તા. ૦૭-૦૫-૧૯ થી ૧૦-૦૫-૧૯) | ૫ | ૩૧ | ૦૬ | ૩૭ |
| | | **૩. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે ત્રિદિવસીય નિવાસી ગ્રીષ્મ શિબિર બીજી બેચ** (તા. ૧૪-૦૫-૧૯ થી ૧૭-૦૫-૧૯) | ૫ | ૨૬ | ૦૯ | ૩૫ |
| | | **કુલ** | | **૩૨૯૯** | **૨૯૦૯** | **૬૨૦૮** |



નળ સરોવર ખાતે નૌકા વિહાર કરતા વિદ્યાર્થીઓ



પપેટ બનાવીને પપેટ શો કરતા વિદ્યાર્થીઓ



ચિત્રકામ અને રંગપૂરણી સ્પર્ધા

## (૩) વિદ્યાર્થીઓ અને શાળાઓને પ્રત્યક્ષ રીતે ઉપયોગી થાય તેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું અમલીકરણ.

**કોષ્ટક નં.-૩**

**પ્રગતિશીલ શાળા વિકાસ યોજના અંતર્ગત પ્રોજેક્ટની પસંદ કરેલી શાળાના વિદ્યાર્થીઓ અને શાળાને પ્રત્યક્ષ રીતે ઉપયોગી થાય તેવી ટ્રસ્ટ દ્વારા આયોજિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની માહિતી**

| ક્રમ | મહિનો | પ્રવૃત્તિની વિગત | લાભાર્થીની માહિતી |
|---|---|---|---|
| ૧ | જૂન-૨૦૧૯ | શાળા પ્રવેશોત્સવ-૨૦૧૯ નિમિત્તે ધોરણ-૧ માં પ્રવેશ લીધેલ બાળકોને વિનામૂલ્યે **દફતર વિતરણ** કરવામાં આવ્યા. | ૧૩ પ્રાથમિક શાળાના **૩૩૨ બાળકો** |
| ૨ | જૂન-૨૦૧૯ | નવા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીઓને **૩૫૦૦ ડઝન નોટબુક ૫૦ ટકાના રાહત દરે વિતરણ** કરવામાં આવી | ૧૩ પ્રાથમિક શાળાના **૧૬૭૫ વિદ્યાર્થીઓ** |
| ૩ | જૂન-૨૦૧૯ | શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ની વાર્ષિક પરીક્ષામાં **ધો-૧ થી ૮ માં પ્રથમ, દ્વિતિય અને તૃતિય નંબરે ઉત્તીર્ણ** થનાર **તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ** કરવામાં આવ્યા. | ૧૩ પ્રાથમિક શાળાના **૨૬૦ વિદ્યાર્થીઓ** |
| ૪ | જૂન-૨૦૧૯ | કાર્ય વિસ્તારની ૧૨ પ્રા. શાળાના વિદ્યાર્થીઓ દરરોજ દૈનિક અખબાર વાંચી શકે તે માટે શાળાઓને દૈનિક અખબાર મંગાવવા માટે **માસિક રૂા. ૧૫૦/- લેખે** જૂનથી માર્ચ મહિના દરમિયાન આર્થિક સહાય કરવામાં આવી.<br>રૂા. ૧૫૦ X ૧૨ શાળાઓ X ૧૦ મહિના = **રૂપિયા ૧૮,૦૦૦/-ની કુલ આર્થિક સહાય** ૧૨ પ્રા. શાળાઓમાં આપવામાં આવી. | ૧૨ શાળાઓના **૨૪૬૫ વિદ્યાર્થીઓ** |
| ૫ | જુલાઈ-૧૯ થી માર્ચ-૨૦ | પોષણયુક્ત આહાર દ્વારા વિદ્યાર્થીઓને પ્રોટીન તત્ત્વ મળી રહે તે હેતુથી **જુલાઈ-૧૯ થી માર્ચ-૨૦૨૦ મહિના** દરમિયાન **મગ અને ચણા** વારાફરતી આપવામાં આવ્યા હતા. ૧૩. પ્રા.શાળાઓમાં **આ ૯ મહિના** દરમિયાન **ચણા ૧૧૮૮ કિ.ગ્રામ** અને **મગ ૧૪૮૫ કિ.ગ્રામ એમ કુલ ૨૬૭૩ કિ.ગ્રામ કઠોળ** આપવામાં આવ્યું હતું. દરેક શાળા પોતાની રીતે કઠોળ રાંધીને વિદ્યાર્થીઓને આપતા હતા. | ૧૩ શાળાઓના **૨૪૬૫ વિદ્યાર્થીઓ** |
| ૬ | જુલાઈ-૧૯ થી ફેબ્રુઆરી-૨૦ | "પ્રગતિશીલ શાળા વિકાસ યોજના" હેઠળ ટ્રસ્ટના **ફરતા પુસ્તકાલયમાંથી ૫ શાળાના ૧૫૬ વિદ્યાર્થીઓ** ઈત્તર વાંચનના પુસ્તકો વાંચવા માટે લઈ ગયા. | ● અરણેજ-૧૭ વિદ્યાર્થીઓ<br>● રનોડા-૨૩ વિદ્યાર્થીઓ<br>● ભુંભલી-૩૨ વિદ્યાર્થીઓ<br>● શેખડી-૧૬ વિદ્યાર્થીઓ<br>● રીડપુરા-૨૯ વિદ્યાર્થીઓ<br>● ખાત્રીપુર-૩૯ વિદ્યાર્થીઓ<br>**કુલ : ૧૫૬ વિદ્યાર્થીઓ** |
| ૭ | ઑગષ્ટ-૧૯ | વર્ષ ૨૦૧૯-૨૦ના વર્ષમાં **૧૨ પ્રાથમિક શાળાઓમાં** વૃક્ષારોપણ કાર્યક્રમ માટે ટ્રસ્ટ દ્વારા પ્રાથમિક શાળાઓને તેઓની પસંદગીના **કુલ ૧૯૪૮ નંગ રોપાઓ** (૪૯ પ્રકારના ફૂલછોડ અને મોટા સુશોભનના વૃક્ષોના રોપા) વિના મૂલ્યે ૧૨ શાળાઓમાં ટ્રસ્ટના ખર્ચે ખરીદીને શાળાઓમાં પહોચાડ્યા અને આ રોપાઓનું શાળાઓમાં વાવેતર કરવા માટે તેમને પ્રોત્સાહિત કર્યા. | ૧૨ પ્રાથમિક શાળાઓ તથા તેની માવજત કરવા |
| ૮ | ઑગષ્ટ-૧૯ | શ્રીમતી પ્રભાવતી બહેન ભગવતી કન્યા કેળવણી પ્રોત્સાહન શિક્ષણ સહાય યોજના અંતર્ગત **ધોરણ ૮ અને ૯** પછી આગળ અભ્યાસ કરવા ઈચ્છતી **૭૫ તેજસ્વી કન્યાઓને પ્રતિ કન્યા દીઠ વાર્ષિક રૂપિયા ૧૦૦૦/-** ની આર્થિક સહાય આપવામાં આવી હતી. | ધોરણ-૯માં અભ્યાસ કરવા જનાર **વિદ્યાર્થીનીઓ : ૪૨**<br>ધોરણ-૧૦માં અભ્યાસ કરવા જનાર **વિદ્યાર્થીનીઓ : 33**<br>**કુલ વિદ્યાર્થીનીઓની સંખ્યા : ૭૫** |
| ૯ | નવેમ્બર-૨૦૧૯ થી માર્ચ-૨૦ | ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી **વાંચન, લેખન અને ગણનમાં નબળા** એવા **"પ્રિય વિદ્યાર્થીઓ"** માટે **૬ શાળાઓમાં નવેમ્બર-૨૦૧૯ થી માર્ચ-૨૦ (૫ મહિના માટે)** દરમિયાન વિશેષ વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. **કુલ : ૧૧૬૮ વિદ્યાર્થીઓએ** આ વિશેષ વર્ગોનો લાભ લીધો હતો. | ● વેજલકા - ૨૪૮ વિદ્યાર્થીઓ<br>● જાખડા - ૧૯૦ વિદ્યાર્થીઓ<br>● ભુંભલી - ૯૦ વિદ્યાર્થીઓ<br>● કેસરગઢ - ૨૫૩ વિદ્યાર્થીઓ<br>● શિહોરીપુરા - ૧૯૦ વિદ્યાર્થીઓ<br>● ખાત્રીપુર - ૧૯૭ વિદ્યાર્થીઓ<br>**કુલ : ૧૧૬૮ વિદ્યાર્થીઓ** |
| ૧૦ | નવેમ્બર-૨૦૧૯ | **ધોરણ ૧ થી ૮**માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી **વાંચન, લેખન અને ગણનમાં નબળા એવા "પ્રિય વિદ્યાર્થીઓ"** માટે દિવાળી વેકેશન દરમિયાન **૫ શાળાઓમાં** વિશેષ વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. વિશેષ વર્ગોમાં **કુલ ૨૫૫ વિદ્યાર્થીઓ** ભણવા માટે આવ્યા હતા. | ● વેજલકા - ૬૩ વિદ્યાર્થીઓ<br>● જાખડા - ૬૨ વિદ્યાર્થીઓ<br>● કેસરગઢ - ૪૧ વિદ્યાર્થીઓ<br>● શિહોરીપુરા - ૩૮ વિદ્યાર્થીઓ<br>● ખાત્રીપુર - ૫૧ વિદ્યાર્થીઓ<br>**કુલ : ૨૫૫ વિદ્યાર્થીઓ** |



## લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરા ટ્રસ્ટ દ્વારા સંચાલિત પંડિત સુખલાલજી લોક વિદ્યાલય કેન્દ્ર, માયધાર ખાતે "આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર" (Aavisykar Science Center)



આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માયધાર ખાતે આવતા વિદ્યાર્થીઓ

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગ દ્વારા અને અગત્સ્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનના ટેકનીકલ માર્ગદર્શન તથા વિજ્ઞાન કેન્દ્ર શરૂ કરવા માટે જરૂરી શૈક્ષણિક સાધન-સામગ્રી ઉપલબ્ધ કરાવીને ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના અંતરિયાળ ગામ માયધાર ખાતે લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ સણોસરા દ્વારા સંચાલિત પંડિત સુખલાલજી લોક વિદ્યાલય કેન્દ્રના પરિસરમાં "આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર" **(Aavisykar Science Center)** ની સ્થાપના કરવામાં આવી છે. આ **"આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર"નો ૧૭ જૂન-૨૦૧૯ થી શુભારંભ થયો છે.** ભાવનગર જિલ્લા પંચાયત સંચાલિત પાલિતાણા, શિહોર અને તળાજા તાલુકાની સરકારી પ્રાથમિક શાળા તથા સરકાર માન્ય ખાનગી પ્રાથમિક શાળાના **ધોરણ ૬ થી ૮ના** વિદ્યાર્થીઓ તેમનાં વિજ્ઞાન વિષયના **અભ્યાસક્રમના એકમો (Unit / Lesson)** પ્રવૃત્તિ દ્વારા શીખવા માટે નિયત કરેલા સમયપત્રક મુજબની **શાળાઓ વર્ષમાં ૪ વખત તેમના સ્વખર્ચે** વિજ્ઞાન કેન્દ્રમાં આખો દિવસ રહીને વિજ્ઞાનના વિષયને પ્રવૃત્તિ દ્વારા સમજીને ભણે છે. આ વિજ્ઞાન કેન્દ્રમાં અગત્સ્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા તાલિમબદ્ધ યોગ્ય શૈક્ષણિક લાયકાતવાળા શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને પ્રવૃત્તિ દ્વારા વિજ્ઞાન વિષયનું શિક્ષણ આપવામાં આવે છે.







જૂન-૨૦૧૯ થી માર્ચ-૨૦૨૦ દરમિયાન **ભાવનગર જિલ્લાની ત્રણ તાલુકાની ૫૨ સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓના ધોરણ ૫ થી ૮ માં** અભ્યાસ કરતા **કુલ ૯૭૨૦ (૫૫૫૨ કુમાર અને ૪૧૬૮ કન્યા)** વિદ્યાર્થીઓ તથા **વિજ્ઞાન વિષયના ૫૦ શિક્ષકોએ** આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માયધારનો લાભ લીધો છે. આ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર લાંબા સમય સુધી કાર્યરત રહે તેવું આર્થિક આયોજન પણ ટ્રસ્ટે કર્યું છે.

## શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ, ધોળકા

શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલના પ્રયાસથી ધોળકામાં છેલ્લાં **૫૧ વર્ષથી** અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના લોકોને સારવારની અદ્યતન સુવિધાઓ મળી રહે તે હેતુથી હૉસ્પિટલમાં પ્રસૂતિ અને સ્ત્રીરોગ સારવાર વિભાગ, બાળરોગ નિદાન વિભાગ, ફિઝિશન (Physican) અને મેડિસિન વિભાગ અને ચામડીના રોગના નિદાનનો વિભાગ કાર્યરત છે. આ ઉપરાંત હૉસ્પિટલમાં તમામ પ્રકારના સામાન્ય દર્દીની તપાસ, નિદાન અને સારવાર પણ આપવામાં આવે છે તથા દર્દીને વધુ સઘન સારવારની જરુર જણાય તો દર્દીને ક્યાં વધુ સારી સારવાર મળી રહેશે. તે અંગેનું યોગ્ય માર્ગદર્શન અને સલાહ પણ હૉસ્પિટલમાંથી આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન હૉસ્પિટલના પ્રસૂતિ વિભાગમાં **દર મહિને સરેરાશ ૧૫૦ બાળકોનો જન્મ** થયો છે અને તેમાં માતા તેમજ બાળકના સ્વાસ્થ્ય અંગે લેવાતી સંભાળના કારણે **બાળ મૃત્યુદરમાં નોંધપાત્ર અંકુશ** જોવા મળેલ છે.

ધોળકા શહેરની અન્ય સ્થાનિક હૉસ્પિટલો કરતાં સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલમાં જ આવેલી પેથોલોજી લેબોરેટરીમાં દર્દીઓને જરૂરી ટેસ્ટ રાહત દરે કરી આપવામાં આવે છે તથા શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલની દવાની દુકાનેથી દર્દીઓને રાહત દરે દવાઓ આપવામાં આવે છે. ગુજરાત સરકારની ચિરંજીવી અને બાલસખા યોજના અંતર્ગત ગરીબી રેખા નીચે (BPL) આવતા પરિવારને મફત સારવાર આપવામાં આવે છે. ટ્રસ્ટ તરફથી હૉસ્પિટલમાં જન્મતા દરેક બાળકને બેબીસેટ (પ્લાસ્ટિકની ગોદડી, ઝભલું, લંગોટ અને ટોપી) વિના મૂલ્યે ભેટ આપવામાં આવે છે.



**શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ, ધોળકા**

**કોષ્ટક નં.-૪**

**શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલમાં આવેલા દર્દીઓને વિવિધ વિભાગોમાં આપવામાં આવેલી સારવારની માહિતી**

| ક્રમ | વિભાગ વાર કેસોની માહિતી | છેલ્લા ૩ વર્ષ દરમિયાન સારવાર લીધેલ દર્દીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | **ઈનડોર કેસોની સારવારની વિભાગવાર સંખ્યા** | **૨૦૧૭-૧૮** | **૨૦૧૮-૧૯** | **૨૦૧૯-૨૦૨૦** |
| ૧ | સામાન્ય પ્રસૂતિ | ૧૨૧૩ | ૧૦૩૨ | ૧૩૨૦ |
| ૨ | સિઝિરિયન પ્રસૂતિ | ૪૨૭ | ૪૩૦ | ૪૭૭ |
| ૩ | કુટુંબ નિયોજનના ઑપરેશન | ૧૫૧ | ૯૩ | ૮૩ |
| ૪ | ગર્ભાશયની કોથળીનું ઑપરેશન | ૫૩ | ૩૯ | ૬૬ |
| ૫ | અન્ય ઑપરેશન | ૨૦૬ | ૪૦૬ | ૩૦૮ |
| | **સારવાર આપવામાં આવેલ કુલ ઈનડોર દર્દીઓની સંખ્યા** | **૨૦૫૦** | **૨૦૦૦** | **૨૨૫૪** |
| | **આઉટડોર કેસોની વિગતવાર સંખ્યા** | | | |
| ૧ | પ્રસૂતિ અને સ્ત્રી રોગ વિભાગ | ૨૫૨૯૫ | ૨૬૩૯૪ | ૨૯૬૭૮ |
| ૨ | બાળરોગ નિદાન વિભાગ | ૮૯૦૫ | ૮૯૨૫ | ૧૦૬૭૭ |
| ૩ | ફિઝિશન (Physician) વિભાગ | ૩૧૯૯ | ૩૪૬૨ | ૪૦૮૮ |
| ૪ | ચામડીના રોગ નિદાન વિભાગ | ૩૫૩૫ | ૩૩૭૬ | ૩૫૦૪ |
| | **સારવાર આપવામાં આવેલ કુલ આઉટડોર દર્દીઓની સંખ્યા** | **૪૦૯૩૪** | **૪૨૧૫૭** | **૪૭૯૪૭** |
| ૧ | ચિરંજીવી યોજના લાભાર્થી | ૫૫૪ | ૪૫૪ | ૬૨૦ |
| ૨ | બાલસખા યોજનાના લાભાર્થી | ૧૦૮૬ | ૬૯૬ | ૪૭૩ |



## વર્ષ ૨૦૧૯-૨૦૨૦ દરમિયાન હૉસ્પિટલ દ્વારા થયેલી મુખ્ય પ્રવૃત્તિઓ

### ૧. સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પ




ગામડામાં અતિગરીબ પરિવારોને આરોગ્યની પ્રાથમિક સુવિધા ઘર બેઠાં મળી રહે તે માટે શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલના નિષ્ણાંત ડૉક્ટરો દ્વારા અઠવાડિયામાં એક વાર નિયમિત રીતે ધોળકા શહેરની આસપાસના ગામોમાં સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. હૉસ્પિટલના નિષ્ણાંત અને અનુભવી ડૉક્ટરો દ્વારા કેમ્પમાં આવેલ દર્દીઓને તપાસીને પ્રાથમિક સારવારના ભાગરૂપે જરૂરી દવા વિનામૂલ્યે આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦માં ધોળકા શહેરની આસપાસના **૨૨ ગામોમાં કુલ ૪૬ સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ** કરીને **૩૯૮૬ દર્દીઓને** તપાસીને તેઓને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

ધોળકા શહેરની આસપાસના **૧૯ ગામોમાં ૨૯૨ વ્યક્તિઓને ૫૦ ટકાના રાહત દરે ૨૯૨ નંગ આંખના નંબર માટેના ચશ્માનું વિતરણ** કરવામાં આવ્યું હતું.

### ૨. નવજાત શિશુ માટે હાઈપોથારોડીઝમનો ટેસ્ટ (મંદબુદ્ધિનું બાળક ના થાય તે માટેનો ટેસ્ટ)

અમુક ખામીઓથી બાળક જન્મથી જ મંદબુદ્ધિનું હોઈ શકે, આ ખામીને (Congenital Hypothrodism) તરીકે ઓળખવામાં આવે છે. જો કે, આ અંગેના પેથોલોજી ટેસ્ટથી તેનું નિદાન જન્મ પછીના ૨૪ કલાક પછી થઇ શકે છે. દરેક નવજાત શિશુનું બ્લડ સેમ્પલ બેંગલુરુ ખાતે આવેલ પેથોલોજી લેબોરેટરીમાં ટેસ્ટ માટે મોકલવામાં આવે છે. જો ટેસ્ટ પોઝિટીવ આવે તો યોગ્ય સારવાર તરત જ કરી શકાય જેથી તે બાળક મંદબુદ્ધિનું થતું અટકાવી શકાય છે. આ સારવાર (જેનો માસિક ખર્ચ રૂા. ૩૦/- થી રૂા. ૫૦/- છે) દ્વારા બાળકની વેડફાઈ જતી જિંદગી બચાવી શકાય છે. નવજાત શિશુ મોટી ઉંમરનું થતાં આ સારવાર જિંદગીભર લઈ સામાન્ય માનવીની જેમ જીવન જીવી શકે છે. આ ટેસ્ટ માટે હૉસ્પિટલને યોગ્ય અનુદાન મળેલ હોવાના કારણે કોઈ પણ પ્રકારની ફી શિશુના વાલી પાસેથી લેવામાં આવતી નથી. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦૨૦ દરમિયાન હાઈપોથાઈરોડીઝમનો ટેસ્ટ કરાવવાનો **કુલ ખર્ચ રૂા. ૩,૧૧,૧૦૦/- નો** થયો છે. હાઈપોથાઈરોડીઝમના ટેસ્ટની થયેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.



૧. હૉસ્પિટલમાં જન્મેલ બાળકોની સંખ્યા : **૧૭૯૭**
૨. નવજાત શિશુ માટે હાઈપોથારોડિઝમનો ટેસ્ટ કરાવેલ બાળકોની સંખ્યા : **૧૦૩૭**
૩. પીડિત બાળકોની સંખ્યા : **૦**

### ૩. શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલના સુવર્ણ જયંતિ વર્ષ (૧૯૬૯-૨૦૧૯) ની ઉજવણી

શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલના સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણીના ઉપક્રમે તારીખ : ૨૯-૧૨-૨૦૧૯ના રોજ હૉસ્પિટલના આંગણે **"સ્નેહ મિલન"**નું આયોજન કરવામાં આવ્યું હતું. હૉસ્પિટલની વિકાસયાત્રામાં સામેલ હતા તે ડૉક્ટરો, નર્સ, આયા બહેનો અને દરેક વિભાગના નાના-મોટા સૌ કર્મચારીઓ તથા હાલમાં હૉસ્પિટલમાં કાર્યરત સૌ સ્ટાફને સ્નેહ મિલનમાં આમંત્રિત કર્યા હતા. હૉસ્પિટલના વિકાસ અને પ્રગતિમાં આપેલા બહુમૂલ્ય પ્રદાન બદલ હૉસ્પિટલના ટ્રસ્ટીઓ દ્વારા સેવાનિવૃત ડૉક્ટરો અને કર્મચારીઓનું શાલ ઓઢાડીને બહુમાન કરી, ચાંદીનો સિક્કો સ્મૃતિચિહ્ન રૂપે અર્પણ કરવામાં આવેલ. હાલમાં હૉસ્પિટલમાં સેવા આપી રહેલા ડૉક્ટરો, નર્સ બહેનો, હૉસ્પિટલમાં વિવિધ વિભાગોમાં કાર્યરત કર્મચારીઓ વિગેરેને રોકડ પુરસ્કાર અર્પણ કરીને સૌની કામગીરીને બિરદાવવામાં આવી હતી. કાર્યક્રમમાં હાજર રહેલ સૌ નિવૃત કર્મચારીઓએ હૉસ્પિટલ સાથેના પોતાનાં યાદગાર અનુભવો અને સ્મરણો યાદ કર્યા હતા.





હૉસ્પિટલના સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે હૉસ્પિટલમાં ઉપલબ્ધ આરોગ્યલક્ષી સેવાઓ અને વિવિધ સુવિધાઓ, દર્દીઓ માટેની સારવારલક્ષી સરકારની વિવિધ યોજનાઓ, હૉસ્પિટલમાં સેવા આપતા નિષ્ણાંત ડૉક્ટરો અંગેની માહિતી તથા હૉસ્પિટલે હાંસલ કરેલ સિદ્ધિઓ અંગેની જાણકારી આપતી સાતેક મિનિટની એક દસ્તાવેજી (**Documentary Film**) ફિલ્મ તૈયાર કરવામાં આવી છે. જે સ્નેહમિલનમાં સૌને બતાવવામાં આવી હતી.

શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલના સુવર્ણ જંયતિ વર્ષ નિમિત્તે હૉસ્પિટલનો નવો તૈયાર કરેલ લોગો (**Symbol / Logo -** સંસ્થાનું પ્રતિક) આ સ્નેહ મિલનમાં સૌની સમક્ષ પ્રદર્શિત કરવામાં આવ્યો અને હૉસ્પિટલનો આ નવો લોગો સ્વીકારીને હૉસ્પિટલના સુવર્ણજંયતિના વર્ષથી તેનો ઉપયોગ શરૂ કરવાનું જાહેર કરવામાં આવ્યું હતું.


**શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલનો નવો લોગો**

**૪. સ્વચ્છતા અભિયાન**

કેસરગઢ ગામની શેરીઓમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે ગામની દરેક શેરીમાં ટ્રસ્ટ તરફથી કચરા પેટી લગાવવામાં આવી છે. કેસરગઢ ગામમાં શેરીઓના રસ્તાઓની નિયમિત સફાઈ માટે અને કચરાના નિકાલ કરવા માટે એક સફાઈ કામદાર ભાઈની પણ નિમણૂંક કરવામાં આવી છે. જેથી કરીને ગામમાં સંપૂર્ણ સ્વચ્છતા જળવાઈ રહે અને સ્વચ્છતાનો અનુભવ કરીને ગ્રામજનો પોતાનું ગામ સ્વચ્છ અને સુંદર રાખવા માટે પ્રોત્સાહિત થાય.

## ટ્રસ્ટની ગ્રામ વિકાસની મુખ્ય પ્રવૃત્તિઓ

વર્ષ ૨૦૧૯-૨૦૨૦ દરમિયાન ટ્રસ્ટ દ્વારા ધોળકા તાલુકાના કેસરગઢ, વેજલકા અને ભુંભલી ગામો માટે ગ્રામ વિકાસની કેટલીક પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી જે નીચે કોષ્ટકમાં જણાવેલ છે.


**પશુ રોગ નિદાન અને સારવાર કેમ્પ**



**અંધશ્રધ્ધા નિવારણ જાગૃતિ શિબિર અને શિબિરમાં આવેલા ગ્રામજનો**

**કોષ્ટક નં.-૫**

**ટ્રસ્ટ દ્વારા ગ્રામ વિકાસ માટે કરવામાં આવેલી મુખ્ય પ્રવૃત્તિઓની માહિતી**

| ક્રમ | પ્રવૃત્તિની વિગત | પ્રવૃત્તિની સંખ્યા | લાભાર્થીની સંખ્યા | | | લાભાર્થીઓની માહિતી |
|---|---|---|---|---|---|---|
| | | | કેસરગઢ | વેજલકા | ભુંભલી | |
| ૧ | વિધવા અને નિરાધાર મહિલાઓને **દર મહિને અનાજ-કરિયાણાની ૧૦ નંગ કીટ** (એક કીટમાં ૧૭ જીવન-જરૂરીયાતની વસ્તુઓ અને અનાજ-કરિયાણું) નું વિતરણ કરવામાં આવ્યું. | ૧૨૦ કીટ | ૪ | ૨ | ૪ | **૧૦ વિધવા અને નિરાધાર મહિલાઓ** |
| ૨ | સ્વસહાય જૂથમાં આંતરિક ધિરાણ કરવાની પ્રક્રિયા જાણવા અને મંડળની મહિલા સભ્યો માટે વિકાસલક્ષી વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી મેળવવા માટે ટ્રસ્ટ દ્વારા પ્રેરિત સ્વસહાય જૂથોની મહિલાઓ માટે રાજકોટ જિલ્લાના ચોટીલા તાલુકાના ઢેઢુંકી ગામ ખાતે આવેલ લોકમિત્રા નામની સ્વૈચ્છિક સંસ્થા દ્વારા પ્રેરિત સ્વસહાય જૂથોની મુલાકાતનો **પ્રેરણા પ્રવાસ** કરવામાં આવ્યો. | ૨ | ૩૩ | ૨૭ | ૫૬ | **૬ સ્વસહાય જૂથોની ૧૧૬ મહિલાઓ** |
| ૩ | પશુ રોગ નિદાન અને સારવાર કેમ્પ | ૩ | ૮૬ પશુઓ | ૨૯૦ પશુઓ | ૧૩૯ પશુઓ | ભેંસ - ૧૩૭<br>પાડી / પાડા - ૯૮<br>ગાય - ૧૬૯<br>વાછરડી - ૧૧૧<br>**સારવાર લીધેલ કુલ ૫૧૫ પશુઓ** |
| ૪ | ગામમાં જાહેર સ્થળોએ વૃક્ષારોપણ માટે પ્રોજેક્ટ અંતર્ગત ગામોમાં ટ્રસ્ટ પ્રેરિત સ્વસહાય જૂથો તથા ખેડૂત યુવા મંડળને **૫૯૦ રોપાઓનું વિના મૂલ્યે વિતરણ** કરવામાં આવ્યું અને આ મંડળોએ પોતાનાં ગામમાં જાહેર સ્થળોએ વૃક્ષારોપણ કર્યું. | ૧ | ૪૦૦ નંગ રોપાઓનું વિતરણ | ૦૦ | ૧૯૦ નંગ રોપાઓનું વિતરણ | કેસરગઢ અને ભુંભલી ગામમાં **કુલ ૫૯૦** નંગ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું, જેમાં **૩ પ્રકારના ફૂલછોડ** અને **૯ પ્રકારના મોટા વૃક્ષોના** રોપાઓનો સમાવેશ થયો હતો. |
| ૫ | અંધશ્રદ્ધા નિવારણ જાગૃતિ શિબિર | ૨ | ૧૪૩ | ૦ | ૨૫૫ | **કુલ ૩૯૮ ગ્રામજનો** |
| ૬ | કેસરગઢ ગામના **પશુપાલકોને** કૃષિ યુનિવર્સિટી, આણંદ તથા અમૂલ ડેરીના પ્રેરણા પ્રવાસમાં લઈ ગયા. | ૧ | ૫૧ | ૦ | ૦ | કેસરગઢ ગામના **કુલ ૫૧ પશુ પાલકો** |
| ૭ | પ્રોજેક્ટના ગામોમાં **ખેડૂત યુવા મંડળની** રચના કરવામાં આવી | ૧ | ૧ | ૧ | ૧ | ત્રણેય ખેડૂત યુવા મંડળના **કુલ સભ્યોની સંખ્યા ૪૫ છે.** |
| ૮ | પ્રોજેક્ટ વિસ્તારના ત્રણેય ગામોમાં **વિધવા મહિલાઓને** રાજ્ય સરકારની **વિધવા પેન્શન યોજના** અંતર્ગત અરજીઓ તૈયાર કરાવીને યોજનાનો લાભ અપાવવા માટે સંકલનનું કાર્ય કર્યુ. | ૧ | ૨૧ | ૩૦ | ૩૮ | પ્રોજેક્ટના ત્રણે ગામોની **કુલ ૮૯ વિધવા બહેનોને વિધવા પેન્શન યોજનાનો** લાભ મળે તે હેતુથી સરકારમાં અરજી કરાવવામાં આવી છે. |
| ૯ | પ્રોજેક્ટના વિસ્તારના ત્રણેય ગામોમાં વરિષ્ઠ નાગરિકો **(Senior Citizen)** ને રાજ્ય સરકારની **વૃદ્ધ પેન્શન યોજના** અંતર્ગત અરજીઓ તૈયાર કરાવીને યોજનાનો લાભ અપાવવા માટે સંકલનનું કાર્ય કર્યુ. | ૧ | ૩ | ૧૯ | ૦ | પ્રોજેક્ટના ત્રણ ગામોના **કુલ ૨૨ વરિષ્ઠ નાગરિકોને વૃદ્ધ પેન્શન યોજનાનો** લાભ મળે તે હેતુથી સરકારમાં અરજી કરાવવામાં આવી છે. |
| ૧૦ | પ્રોજેક્ટના ગામના ખેડૂતો પોતાની ખેતીની જમીનની ફળદ્રુપતા જાણીને તેમાં ખૂટતા જરૂરી પોષકતત્વોનો ઉમેરો કરીને જમીનની ફળદ્રુપતા વધારી શકે તે માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે તેમની જમીનના નમૂનાનું લેબોરેટરીમાં પૃથ્થકરણ કરાવી તેમની **જમીનના હેલ્થકાર્ડ (Soil Health Card)** તૈયાર કરાવ્યા | ૧ | ૮ | ૧ | ૦ | પ્રોજેક્ટના **ત્રણ ગામોના ૯ ખેડૂતોના સોઈલ હેલ્થ કાર્ડ** તૈયાર કરાવીને તે મુજબ તેઓને તેમની ખેતીની જમીનની ફળદ્રુપતા વધારી હતી. |
| ૧૧ | **ડાંગરના પાક લેતા કેસરગઢ ગામના ખેડૂતોની ડાંગરના પાકની વિવિધ સમસ્યાના નિરાકરણ માટે** આણંદ કૃષિ યુનિવર્સિટી, સંચાલિત **ડાંગર સંશોધન કેન્દ્ર, નવાગામની** મુલાકાતે ખેડૂતોને લઈ ગયા. | ૧ | ૧૩ | ૦ | ૦ | કેસરગઢ ગામના **કુલ ૧૩ ખેડૂતો** |



## ટ્રસ્ટ આયોજિત ગ્રામીણ મહિલા સશક્તિકરણની મુખ્ય પ્રવૃત્તિઓ

**(૧) સ્વસહાય જૂથની રચના :** પ્રોજેક્ટના ગામોમાં મહિલાઓના સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી. ત્રણેય ગામમાં કુલ **૬ સ્વસહાય જૂથોની** રચના કરવામાં આવી છે જેમાં **કુલ ૮૨ મહિલા સભ્યોએ** એક વર્ષમાં **કુલ રૂપિયા ૮૫,૨૦૦ની સામૂહિક બચત** કરી છે.


**સ્વસહાય જૂથના સભ્યોની માસિક મિટિંગ**

**(૨) બેંકલોન :** પ્રોજેક્ટના ગામોમાં સ્વસહાય જૂથની મહિલાઓને પૂરક આવક મેળવવાના હેતુસર ગૃહ ઉદ્યોગ શરૂ કરવા ટેક્ષટાઈલ ટ્રેડર્સ કૉ. ઑપરેટીવ બેંક, અમદાવાદમાંથી ધિરાણ મેળવવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. **૧૨ લાભાર્થી બહેનોએ** બેંકમાંથી રૂપિયા **૫,૯૦,૦૦૦** ની લોન મેળવી હતી.

**(૩) સ્વરોજગારી અને ક્ષમતાવર્ધનની પ્રવૃત્તિઓ :** ગ્રામીણ મહિલાઓને પોતાના વ્યવસાયમાં તથા સ્વરોજગારીની કામગીરીમાં સહાયરૂપ થાય તેવી વિવિધ **૫ જેટલી** ક્ષમતાવર્ધનની પ્રવૃત્તિઓનું વર્ષ દરમિયાન ટ્રસ્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ

Trust Regd. No.: E/17046, Ahmedabad.
Dated : 28/01/2005

## ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ કાયદો, ૧૯૫૦ પરિશિષ્ટ-૮ (જુઓ નિયમો - ૧૭-૧)
## શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ
## તા. ૩૧.૩.૨૦૨૦ના રોજનું સરવૈયું.

| ફંડ અને જવાબદારીઓ | રકમ (રૂા.) | મિલકત અને અસ્કયામતો | રકમ (રૂા.) |
|---|---|---|---|
| સ્થાપિત ફંડ | ૧,૦૦૧ | કાયમી અસ્કયામતો | ૮,૨૩,૨૫૯ |
| અંકિત કરેલા ફંડ | ૩૦,૦૦,૦૦૦ | રોકડ અને બેંક અવેજ | ૩૬,૭૨,૨૬૫ |
| ઉપજ અને ખર્ચ ખાતું | ૧૩,૪૦,૨૩૭ | અન્ય ચાલુ અસ્કયામતો | ૭૦,૫૭૦ |
| અન્ય ચાલુ જવાબદારીઓ | ૨,૨૪,૮૫૬ | | |
| **કુલ** | **૪૫,૬૬,૦૯૪** | **કુલ** | **૪૫,૬૬,૦૯૪** |

## ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ કાયદો, ૧૯૫૦ પરિશિષ્ટ-૯ (જુઓ નિયમો - ૧૭-૧)
## શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ
## તા.૩૧.૩.૨૦૨૦ ના રોજ પૂરા થયેલ વર્ષ માટેનો ઉપજ ખર્ચનો હિસાબ

| ખર્ચ | રકમ (રૂા.) | ઉપજ | રકમ (રૂા.) |
|---|---|---|---|
| વહીવટી ખર્ચાઓ | ૬,૯૭,૬૬૭ | વ્યાજની આવક | ૨,૪૫,૨૩૫ |
| ટ્રસ્ટના હેતુઓ અંગેનો ખર્ચ | ૩૩,૦૬,૬૯૨ | મળેલ દાન | ૪૭,૪૫,૦૦૦ |
| ઘસારા ખાતેની જોગવાઈ | ૧,૪૪,૭૪૭ | અન્ય આવક | ૫૪ |
| ખર્ચ કરતા ઉપજનો વધારો જે સરવૈયામાં લઈ ગયેલ તે | ૮,૪૧,૧૮૩ | | |
| **કુલ** | **૪૯,૯૦,૨૮૯** | **કુલ** | **૪૯,૯૦,૨૮૯** |

## ટ્રસ્ટના હેતુઓ અંગેના ખર્ચની વિગત


| ક્રમ | વિગત (રૂા.) | રકમ (રૂા.) |
|---|---|---|
| ૧ | શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ના થયેલ ખર્ચ | ૩૧,૩૫,૪૩૩ |
| ૨ | ગરીબ સહાય પ્રવૃત્તિઓ માટેનો ખર્ચ (અનાજ કરિયાણાંની કીટનું વિતરણ) | ૧,૦૩,૧૦૦ |
| ૩ | સ્વચ્છતાની પ્રવૃત્તિઓ માટેનો ખર્ચ | ૧૫,૨૧૯ |
| ૪ | વૈદકીય સારવાર માટેનો ખર્ચ | ૧૭,૯૪૦ |
| ૫ | પીવાના પાણી માટે સહાય ખર્ચ | ૩૫,૦૦૦ |
| | **કુલ ખર્ચ** | **૩૩,૦૬,૬૯૨** |

## ૧ એપ્રિલ ૨૦૧૯ થી ૩૧ માર્ચ ૨૦૨૦ દરમિયાન નીચેના દાતાઓ તરફથી ટ્રસ્ટને અનુદાન મળેલ છે.


| ક્રમ | દાતાનું નામ | સ્થળ | રકમ (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | ઈન્સ્પિરૉન એન્જિનિયરિંગ પ્રા. લિ. | અમદાવાદ | ૧૪,૫૦,૦૦૦ |
| ૨ | પ્રમોલ ટ્રેડર્સ હૉલ્ડીંગ્સ પ્રા. લિ. | અમદાવાદ | ૬,૦૦,૦૦૦ |
| ૩ | અંજનેય ચેરિટેબલ ટ્રસ્ટ | અમદાવાદ | ૮૩,૦૦૦ |
| ૪ | શ્રી ગુજરાત વૈશ્ય સભા | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૫ | શ્રી રાજેશભાઈ આર. શાહ | અમદાવાદ | ૧,૧૧,૦૦૦ |
| ૬ | શ્રી ચંદ્રકાન્તભાઈ કે. ઠક્કર | અમદાવાદ | ૭૫,૦૦૦ |
| ૭ | શ્રી ભરતકુમાર બી. ઠક્કર | અમદાવાદ | ૭૫,૦૦૦ |




# આભાર દર્શન



**ટ્રસ્ટની વિવિધ લોક ઉપયોગી પ્રવૃત્તિઓના અમલીકરણમાં નીચે જણાવેલ સંસ્થાઓ અને વ્યક્તિઓનો યથા યોગ્ય રીતે સહયોગ પ્રાપ્ત થયો છે તે બદલ ટ્રસ્ટીગણ સૌનો હૃદયપૂર્વક આભાર માને છે.**



- ડૉ. અરૂણભાઈ દવે, મેનેજીંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા, જિ. ભાવનગર
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય
- પ્રાંત અધિકારીશ્રી - ધોળકા, નાયબ કલેક્ટરશ્રી, ધોળકા
- શ્રી પિંકેશકુમાર કે. પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ધોળકા
- શ્રી ખોડુભાઈ પઢિયાર, પ્રમુખશ્રી, અમદાવાદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ
- શ્રી અણદુભાઈ ડાભી, પ્રમુખશ્રી ધોળકા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ
- સર્વ આચાર્યશ્રીઓ પ્રા.શાળા ખાત્રીપુર, શેખડી, રનોડા, રીડપુરા, સીમેજ, સાંગ, ભુંભલી, કેસરગઢ, શિહોરીપુરા, વેજલકા, જાખડા, જવારજ અને અરણેજ
- શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ, ધોળકાના સર્વ ટ્રસ્ટીગણ
- અગત્સ્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, બેંગલુરુ, કર્ણાટક
- ડૉ. થોમસ મોક્કન, નીયોઝ્ન પેથોલોજી લેબોરેટરી, બેંગલુરુ
- પશુ ચિકિત્સક ડૉ. કે.વી.ગેડીયા, પશુપાલન ખાતુ ગુજરાત રાજ્ય, ગાંધીનગર સંચાલિત વેટરનરી પોલીક્લીનીક, બાવળા, જિ. અમદાવાદ
- તાલુકા વિકાસ અધિકારીશ્રી, ધોળકા
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી
- નાયબ ખેતી નિયામક (તાલીમ) સંચાલિત ખેડૂત તાલીમ કેન્દ્ર, અમદાવાદ
- ટેક્સટાઈલ ટ્રેડર્સ કૉ ઑપરેટીવ બેંક, અમદાવાદ
- ઈન્સ્પિરૉન એન્જિનિયરિંગ પ્રા.લિ. અમદાવાદ
- પ્રમોલ ટ્રેડર્સ હૉલ્ડીંગ્સ પ્રા.લિ. અમદાવાદ
- અંજનેય ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ
- શ્રી ગુજરાત વૈશ્ય સભા, અમદાવાદ
- શ્રી રાજેશભાઈ આર. શાહ, અમદાવાદ
- શ્રી ચંદ્રકાન્તભાઈ કે. ઠક્કર, અમદાવાદ
- શ્રી ભરતકુમાર બી. ઠક્કર, અમદાવાદ



ડૉ. વિજયકુમાર કૌશલે BRS, B.Ed., MSW, LLB, M.Phil અને Ph.D. સુધીનો ઉચ્ચ અભ્યાસ કર્યો છે. વર્ષ ૨૦૧૨ માં તેઓએ National Eligibility Test (NET) for Lectureship ની પરીક્ષા પાસ કરી છે. તેઓએ તેમની વ્યવસાયિક કારકિર્દી ૧૯૮૭ થી વિકસત, નહેરુ ફાઉન્ડેશન ફોર ડેવલપમેન્ટ નામની અમદાવાદ સ્થિત સ્વૈચ્છિક સંસ્થામાંથી શરુ કરી હતી. વિકસતમાં વન અને પર્યાવરણ યુનિટના પ્રોગ્રામ કૉઑર્ડિનેટર તરીકે ૩૧, જુલાઈ ૨૦૧૭ સુધી કાર્યરત રહ્યા. વર્ષ ૧૯૯૦ થી ૧૯૯૪ દરમિયાન શ્રી જે. સી. કુમારપ્પા ગ્રામ વિદ્યાપીઠ, ગઢડા (સ્વામીના) જિ. ભાવનગરની BRS કોલેજમાં ઈન્ચાર્જ આચાર્ય તરીકે રહીને અધ્યાપન કાર્ય કર્યું હતું.

કુદરતી સંસાધનો થકી ટકાઉ વિકાસની કામગીરી તથા શિક્ષણ ક્ષેત્રે તેઓ ૩૦ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે. તેઓ સપ્ટેમ્બર, ૨૦૧૭ માં શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટમાં પ્રોગામ મેનેજર તરીકે જોડાયા. ટ્રસ્ટની શિક્ષણ અને ગ્રામ વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના આયોજન અને અમલીકરણ માટે ટ્રસ્ટના કાર્યકરોની ટીમને માર્ગદર્શન આપી રહ્યા છે.

**સંપર્ક : મો.** : ૯૮૨૫૪ ૧૫૩૧૯, Email : vkaushal2000@gmail.com